# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-3,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઇન્સ,સુરત. (ISO 9001:2008 Certified)

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com


જા.નં/મા-૨/દિવાસ્વપ્ન/૨૦૨૨/ ૨૩૧૮૩-૭૮ તા.૨૩ /૧૨/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ તેમજ નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ

સુરત.જિ.સુરત.

**વિષય :-** ગુજરાતી ફિલ્મ "દિવાસ્વપ્ન" સ્કુલના બાળકોને દેખાડવા બાબત.

**સંદર્ભ :-** ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૨/૧૧૬૧૨-૪૮ તા.૧૨.૧૦.૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાતી ભાષાની ફિલ્મોને પ્રોત્સાહન આપવા માટેની સરકારી નીતિ પ્રશંસાપાત્ર છે.

કે.ડી. ફિલ્મ પ્રાઈવેટ લિમિટેડના પ્રોડક્શન હેઠળ બનાવવામાં આવેલી ગુજરાતી ફિલ્મ "દિવાસ્વપ્ન" એ અમેરિકા, કેનેડા,ફ્રાન્સ, જર્મની, જાપાન, તુર્કી, સિંગાપુર, વેનેઝુએલા જેવા અનેક દેશો અને ભારતના અનેક રાજ્યોમાંથી ૫૫ એવોર્ડ અને ૩૫ નોમીનેશન મેળવીને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને વિશ્વ સ્તરે ઓળખ અપાવી ગુજરાતનું ગૌરવ વધારેલ છે.

આ ફિલ્મનું ટાઈટલ જાણીતા શિક્ષણવિદ શ્રી ગિજુભાઈ બધેકાની બુક "દિવાસ્વપ્ન" પરથી રાખવામાં આવ્યુ છે. ફિલ્મની સ્ટોરીમાં ભાર વગરના ભણતરની સાથે સાથે એક શિક્ષક વિદ્યાર્થીના જીવનમાં શું પરીવર્તન લાવી શકે છે, ગાય આધારિત કુદરતી ખેતીનું આધુનિક સમયમાં શું મહત્વ છે તે, આધુનિક સમયમાં માં-બાપના તેમના બાળકોના શિક્ષણ માટેના કયા પડકારો અને સમાધાન વગેરે જેવા વિષયોને સારી રીતે વાર્તામાં લેવામાં આવ્યા છે.

આપના શહેર/વિસ્તારની સરકારી, ગ્રાન્ટેડ તેમજ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક તેમજ ઉ.માધ્યમિક શાળાઓના બાળકો, સ્કુલ સ્ટાફ આ ફિલ્મ નિહાળે તેવી આપની કક્ષાએ સુચના આપવા જણાવવામાં આવે છે.

**નોંધ :-** સ્કુલની નજીકના થીયેટર કે અન્ય વ્યવસ્થા માટે પ્રોડક્શન હાઉસ (નિર્માતા)નો સંપર્ક કરવો.
કે.ડી.ફિલ્મ (અમદાવાદ) : ૯૬૩૮૮૭૭૧૧૦/૮૧૨૮૦૫૫૫૪૩

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

**નકલ સવિનય રવાના :-** સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

Scanned with CamScanner